ક્રમાંક : ગુજકા/વેટ–૬/૧૧–૧૨/જા.૧૧૯/૧૦૧

તારીખ : ૧૫/૬/૨૦૧૧

## જાહેર પરિપત્ર

વિષય : કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ મેળવવાના બાકી ધારાકીય ફોર્મ Add On Utility મારફતે મેળવવા અંગે.

સંદર્ભ : અત્રેના પરિપત્ર ક્રમાંક : ગુજકા/વેટ/૨૦૧૦–૧૧/જા.૯૪–૮૩, તા. ૦૨/૦૬/૨૦૧૦

કેન્દ્રીય વેચાણવેરા કાયદા મુજબ વેપારીઓને આપવાના થતા કેન્દ્રીય ધારાકીય ફોર્મ તા.૦૧/૦૭/૨૦૦૮ થી Online ઈસ્યુ કરવામાં આવે છે. સંદર્ભ દર્શિત પરિપત્ર દ્વારા જે વેપારીઓને તમામ ઉપાયોનો ઉપયોગ કર્યા બાદ પણ કોઈ ત્રિમાસિક હપતાના કેન્દ્રીય ધારાકીય ફોર્મ લેવાના રહી ગયેલ હોય તેવા વેપારીઓને તા.૩૧/૦૭/૨૦૧૦ સુધીમાં Add On Utility નો ઉપયોગ કરી ફોર્મ મેળવી લેવા સૂચના બહાર પાડવામાં આવેલ હતી. તેમ છતાં હજુ કેટલાંક વેપારીઓને કેન્દ્રીય ધારાકીય ફોર્મ મેળવવાના રહી ગયેલ છે. આવા વેપારીઓ દ્વારા Add On Utility પુનઃ શરૂ કરવા રજુઆતો કરવામાં આવે છે. વેપારીવર્ગની રજુઆત ધ્યાને લઈ પુખ્ત વિચારણાના અંતે Add On Utility પુનઃ શરૂ કરવા નિર્ણય કરવામાં આવેલ છે. Add On Utility નો ઉપયોગ કરી કેન્દ્રીય ધારાકીય ફોર્મ મેળવવા માંગતા વેપારીઓએ નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

Add On Utility ઉપયોગ કરી કેન્દ્રીય ધારાકીય ફોર્મ મેળવવા માંગતા વેપારીઓએ સંબંધિત નાયબ વાણિજ્યિક વેરા કમિશનરને અરજી કરવાની રહેશે. વેપારીએ આંતરરાજ્ય વ્યવહારોની ચકાસણી હિસાબી સાહિત્ય, ઓડિટેડ વાર્ષિક અહેવાલ વિગેરે સાથે કરાવવાની રહેશે. તથા શા કારણથી અગાઉ વ્યવહારો દર્શાવવાના રહી ગયેલ હતા તેના કારણો રજુ કરવાના રહેશે. વધુમાં પરપ્રાંત ખરીદી રીટર્નમાં દર્શાવેલ હોય તે સિવાયની ખરીદીઓ માટે પણ આ સવલતનો લાભ લઈ કેન્દ્રીય ધારાકીય ફોર્મ મેળવી શકશે. બાકી રહેલ કેન્દ્રીય ધારાકીય ફોર્મ વિભાગીય સંયુક્ત કમિશનરશ્રીની કચેરી ખાતેથી ઇસ્યુ કરવામાં આવશે.

સંબંધકર્તા સર્વે વેપારીઓએ ઉપર સૂચવ્યા મુજબ કાર્યવાહી કરી જરૂરીયાત મુજબના બાકી રહેલ ફોર્મ્સ મેળવી લેવા જણાવવામાં આવે છે.

આ પરિપત્રની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/–
(ગુરૂપ્રસાદ મહાપાત્ર)
વાણિજ્યિક વેરા કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ